RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 271* Date: 21 .07.2023, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જીને ૯ લોકોનો ભોગ લેનાર આરોપી પુત્ર અને પિતા સહિત ૬ લોકોની અટકાયત





અમદાવાદઃ શહેરમાં ઈસ્કોન બ્રિજ પર મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ૯ લોકોનાં કમકમાટીભર્યાં મોત થયાં છે. આ અકસ્માતમાં એક કોન્સ્ટેબલ અને એક હોમગાર્ડના જવાનનું મોત થયું છે. પોલીસે અકસ્માત સર્જનાર આરોપી તથ્ય પટેલ, તેના પિતા પજ્ઞેશ પટેલ, ૩ યુવતી સહિત ૬ની અટકાયત કરી છે.આ ઘટનામાં કોઈએ પુત્ર તો કોઈએ પોતાનો ભાઈ ગુમાવ્યો છે. તે ઉપરાંત ત્યાં ફરજ પર રહેલા એક કોન્સ્ટેબલ અને હોમગાર્ડ જવાન પણ મોતને ભેટ્યાં છે. આ મૃતકોમાં બોટાદ અને સુરેન્દ્રનગરના યુવકો પણ સામેલ છે. હોસ્પિટલમાં મૃતકોના સ્વજનોનું આક્રંદ અને હૈયાફાટ રૂદનથી ગમગીની છવાઈ ગઈ છે. ગઈકાલે રાત્રે શહેરના ઈસ્કોન બ્રિજ પર ડમ્પરની પાછળ મહેન્દ્રા થાર ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. અકસ્માત બાદ પોલીસ તપાસ કરવા માટે બ્રિજ પર પહોંચી હતી. આ દરમિયાન કર્ણાવતી ક્લબ પાસે પૂર ઝડપે આવતી લક્ઝ્યૂરિયસ કારે અકસ્માત જોવા ઉભેલા લોકોને અડફેટે લીધા હતા. ૧૬૦થી વધુની સ્પીડમાં આવેલા કાર ચાલકે ટોળા પર કાર ચડાવી દીધી હતી. આ ભયાનક અકસ્માતમાં પોલીસ કોન્સ્ટેબલ સહિત ૯ લોકોના મૃત્યુ નિપજ્યાં છે. જ્યારે આ અકસ્માતમાં ૧૨ લોકોને ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોની સોલા સિવિલમાં સારવાર ચાલી રહી છે.

અકસ્માત સર્જનાર તથ્ય પટેલના પિતાનું નિવેદન સામે આવ્યુ છે જેમાં તેમણે કહ્યું કે જેગુઆર કારમાં અન્ય ૫ લોકો હતા તેમજ મારો દીકરો લોહીલુહાણ હાલતમાં હતો જેને મે હોસ્પિટલ પહોંચાડ્યો હતો. તથ્યના પિતાએ વધુમાં જણાવ્યુ હતું કે તથ્ય તેના મિત્રો સાથે રાત્રે ૧૧ વાગ્યે કેફેમાં ગયો હતો. આ ઉપરાંત જેગુઆર કાર ભાગીદાર નામે નોંધાયેલી છે તેમ જણાવ્યુ હતું.

અકસ્માતની ઘટના અંગે તથ્ય પટેલના વકીલે કહ્યું હતું કે અકસ્માતની ઘટના અજાણતા થતી ઘટના છે. આ ઘટનાસ્થળે પહેલા ટ્રક અને થારનો અકસ્માત થયો હતો તેને હટાવવા માટે કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા અને બેરિયર પણ મૂકાયા ન હતા. વકિલે વધુમાં કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિ અકસ્માત કરવાના ઈરાદે ઘરેથી નથી નીકળતું. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કારની સ્પીડ ૧૬૦ની નહતી કે કાર ઓવરસ્પીડ પણ ન હતી. અકસ્માત જ્યા થયો હતો ત્યા લોકોનું ટોળું ભેગું થયુ હતું. અમે કાયદાનું પાલન કરીશું અને સાચું હશે સામે આવી જશે.

## રાયગઢમાં ભારે વરસાદ બાદ ભૂસ્ખલન, ૬ લોકોના મોત, ૧૦૦ લોકો ફસાયા

(હિ.મી.એ),મુંબઇ,તા.૨૦

ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટનાઓ બનતી હોય છે. આજે ગુરુવારની સવારે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં મોડી રાત્રે ભારે વરસાદ બાદ ભૂસ્ખલનની ઘટના સામે આવી છે. કાટમાળમાં ૧૦૦ લોકો ફસાયા હોવાના અને ૬ લોકોના મોત થયા હોવાના સમાચાર મળ્યા હતા. જેમાંથી ૭૫ લોકોને બચાવી લેવાયા છે. દ્ગડ્ઢઇહ્લની ૪ ટીમો, મુખ્યમંત્રી એકનાથ શિંદે અને કેટલાક મંત્રીઓએ આ સ્થનની મુલાકાત લીધી હતી.

રાયગઢના ખાલાપુર તાલુકામાં ઈરશાલગઢ વાડી નામના ગામમાં આ ભૂસ્ખલનની ઘટના બની છે. ઈરશાલગઢ પર્વતનો કેટલોક ભાગ ભારે વરસાદને કારણે નીચે પડયો હતો. ૧૯ જુલાઈની મોડી રાત્રે ૧૧.૩૦ થી ૧૨ કલાકની વચ્ચે આ ઘટના બની હતી. આ સ્થળે ૫૦થી ૬૦ ઘરો હતા. રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં શરુ કરવામાં આવી હતી.

## વંદે ભારત ટ્રેનનાં ભાડાં હજુ ૧૦% ઘટાડાશે



વંદે ભારત ટ્રેનના હજુ કેટલાક પસંદગીના રુટ્સનું ભાડું ૧૦% ઘટાડવાનો નિર્ણય લેવાયો છે. હાલમાં જ રેલવેએ તમામ ટ્રેનોના એસી ચેર અને એક્ઝિક્યુટિવ ભાડાંમાં ૨૫% સુધી ઘટાડો કર્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર હવે કોઈ પણ વંદે ભારત ટ્રેન અડધી પણ બુક નથી થતી. એટલે હવે તેનાં ભાડાંમાં ૧૦% સુધીના ઘટાડાની કેટલી શક્યતા છે તે ચકાસાઈ રહ્યું છે. રેલવેની ઝોનલ ટીમ જુદા જુદા સ્તરે આ ટ્રેનનું ભાડું ઘટાડવાના પ્રસ્તાવ પર કામ કરી રહી છે.રેલવે બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી સ્લીપર ક્લાસ ધરાવતી વંદે ભારત ટ્રેનો પણ દોડવા લાગશે. રેલવેનું માનવું છે કે જો હાલની વંદે ભારત ટ્રેનો ૮૦% સુધી બુક થવા લાગશે

## ઉત્તર ભારતમાં વરસાદે તબાહી સર્જીઃજમ્મુ-કાશ્મીરમાં આઠનાં મોત, મહારાષ્ટ્રમાં એક બાળક તણાયું

છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદને કારણે દેશના ઘણા ભાગોમાં જનજીવન ખોરવાયું હતું. જમ્મુ-કાશ્મીરમાં બુધવારે ૮ લોકોનાં મોત થયાં છે. પોલીસે જણાવ્યું કે જિલ્લામાં ભૂસ્ખલનને કારણે બાની તહસીલના સુરજન ગામમાં એક જ પરિવારનાં ૫ લોકોનાં મોત થયાં છે. તે જ સમયે, સેરા વિસ્તારમાં પૂરથી પ્રભાવિત ૩ લોકોનાં મોતના સમાચાર છે.મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે, અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. ઠાણેમાં એક બાળક નાળામાં તણાઇ ગયું હતું. અવિરત વરસાદને કારણે રેલવે ટ્રેક પર પાણી ભરાતાં અંબરનાથ જતી ઉપનગરીય લોકલ ટ્રેન ઠાકુર્લી અને કલ્યાણ સ્ટેશનો વચ્ચે અટકી ગઈ હતી. ત્યારે ટ્રેનમાંથી નીચે ઉતરી ટ્રેક ક્રોસ કરવા દરમિયાન મહિલાના હાથમાંથી બાળક સરકી જતાં નાળામાં વહેતાં પાણીમાં તણાઇ ગયું હતું .વૈષ્ણોદેવીના બેઝ કેમ્પ કટરામાં ૪૩ વર્ષમાં સૌથી વધુ



૩૧૫.૪ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના પ્રવક્તા મુજબ ૧૯૮૦ પછી સૌથી વધુ વરસાદ છે. હવામાનને જોતા હેલિકોપ્ટર અને બેટરી કારને ત્રિકુટા પર્વત પર રોકી દેવામાં આવી છે. બીજી તરફ ઉત્તારાખંડના પિથોરાગઢ જિલ્લામાં ભારત-ચીન સરહદ નજીક કાલાપાનીમાં વાદળ ફાટવાના કારણે લોખંડનો પુલ ધોવાઈ ગયો છે.

## મણિપુર વાયરલ વીડિયોમાં પોલીસની મોટી કાર્યવાહી, અઢી મહિના બાદ મુખ્ય આરોપીની ધરપકડ

ઈમ્ફાલ,તા.૨૦

મણિપુરમાં બે મહિલાઓના રોડ પર નગ્ન અવસ્થામાં પરેડ કરવાના વાયરલ વીડિયોના મામલામાં કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ગુરુવારે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. રાજ્યમાં ૪ મેના રોજ બનેલી આ ઘટનાને લઈને દેશભરમાં હોબાળો થયો હતો, વિપક્ષો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારને ઘેરવામાં આવી રહી હતી. દરમિયાન પોલીસે આ કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે મુખ્ય આરોપી ખુઈરુમ હેરદાસની ધરપકડની પુષ્ટિ કરી છે. રાજ્યના થોબલ જિલ્લામાંથી આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જણાવી દઈએ કે આ ઘટના રાજ્યના કાંગકોપી જિલ્લામાં ૪ મેના રોજ બની હતી, જ્યારે રાજ્યમાં આ હિંસા શરૂ થઈ ગઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે એક સમુદાયના લોકોએ બે મહિલાઓને ઉતારીને રસ્તા પર પરેડ કરી હતી. આ દરમિયાન મહિલાઓનું યૌન શોષણ થયું હતું અને બળાત્કારનો મામલો પણ સામે આવ્યો છે.

લગભગ અઢી મહિના જૂની આ ઘટનાનો વીડિયો બુધવારે ટ્વિટર પર વાયરલ થયો હતો, જેણે ભારે હોબાળો મચાવ્યો હતો. પોલીસે આ મામલે નિવેદન જારી કરીને સ્પષ્ટ કર્યું હતું કે આ ઘણો જૂનો વીડિયો છે, જેમાં એફઆઈઆર નોંધવામાં આવી છે અને આરોપીઓની શોધ કરવામાં આવી રહી છે.

સંસદનું ચોમાસુ સત્ર આજથી જ શરૂ થઈ રહ્યું છે, એવામાં રાજકીય પક્ષો મણિપુરની ઘટનાનો મુદ્દો ગૃહમાં ઉઠાવવાની તૈયારી કરી રહ્યા છે.

## એનડીએની ૩૮ પાર્ટીઓમાંથી ૨૫ પાર્ટીઓ પાસે એક પણ સાંસદ નથી, ૭ પાર્ટીઓ પાસે ફક્ત ૧ સાંસદ છે

નવીદિલ્હી,તા.૨૦

લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસ અને ભાજપે પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં તમામ નાના-મોટા પક્ષોને એક સાથે લાવીને ભાજપને આકરી ટક્કર આપવા માંગે છે.૧૮ જુલાઈએ બેંગલુરુમાં યોજાયેલી વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં કુલ ૨૬ પાર્ટીઓએ ભાગ લીધો હતો. આ સાથે જ ભાજપે દિલ્હીમાં એનડીએની બેઠક પણ બોલાવી હતી. આ બેઠકમાં ૩૮ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા. ભાજપ ૩૮ પક્ષોની બેઠક બોલાવીને વિપક્ષી ગઠબંધન કરતા પોતાના ગઠબંધનને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસે એનડીએની બેઠકમાં બોલાવવામાં આવેલી પાર્ટીઓ પર કટાક્ષ કરતા પૂછ્યું કે શું આ તમામ પાર્ટીઓ રજિસ્ટર્ડ થઈ છે કે નહીં? વાસ્તવમાં એનડીએના મોટા ભાગના પક્ષો પાસે લોકસભાની એક પણ બેઠક નથી.મંગળવારે વિપક્ષી દળે બેંગલુરુમાં બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ૨૬ રાજકીય પક્ષો હાજર રહ્યા હતા. વિપક્ષી પાર્ટીએ પોતાના ગઠબંધનનું નામ ૈં.દ્ગ.ડ્ઢ.ૈં.છ રાખ્યું છે. વિપક્ષી ગઠબંધન એક બેઠક-એક ઉમેદવારના સમીકરણ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે જ ભાજપ પણ પોતાના ગઠબંધનને વિપક્ષ કરતા મોટું દેખાડવા માટે એનડીએ ગઠબંધનના તમામ સાથી પક્ષોને એક સાથે લાવીને વિપક્ષને મજબૂત ટક્કર આપવા માંગે છે.

એનડીએ ગઠબંધનમાં કુલ ૩૮ પક્ષો છે પરંતુ મોટા ભાગના પક્ષોની ન તો કોઈ પકડ છે કે ન તો રાષ્ટ્રીય રાજકારણમાં કોઈ ઓળખ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સિવાય અન્ય ૩૭ પાર્ટીઓનો વોટ શેર માત્ર ૭ ટકા હતો. આ ૩૭ પાર્ટીઓએ મળીને માત્ર ૨૯ લોકસભા સીટ જીતી હતી. જ્યારે ભાજપની વાત કરવામાં આવે તો તેણે એકલાએ જ ૩૦૩ બેઠકો જીતી હતી. બીજેપીનો વોટશેર ૩૭ ટકાથી વધારે હતો. ભાજપનો વોટ શેર ૨૦૧૯ ટકાથી વધુ હતો. તમને જણાવી દઈએ કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૩૭ માંથી ૯ પક્ષોએ તેમના ઉમેદવારો પણ ઉભા રાખ્યા ન હતા. જ્યારે ૧૬ પાર્ટીઓ પાસે એક પણ સાંસદ નથી. એટલે કે ૩૭ માંથી ૨૫ પક્ષો પાસે કોઈ સાંસદ પણ નથી અને રાષ્ટ્રીય રાજકારણમાં કોઈ પ્રતિનિધિત્વ પણ નથી. એનડીએ ગઠબંધનની ૭ પાર્ટીઓ પાસે માત્ર એક જ સાંસદ છે. શિવસેના (એકનાથ શિંદે જૂથ) ૧૩ સાંસદો સાથે એનડીએની સૌથી મોટી સહયોગી પાર્ટી છે. એલજેપી ૬ સાંસદો સાથે બીજા ક્રમનો સૌથી મોટો સાથી પક્ષ છે. ઉત્તર પ્રદેશમાં અપના દલના બે સાંસદ છે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએ ગઠબંધનની ૭ પાર્ટીઓને માત્ર એક-એક બેઠક મળી હતી. આ પાર્ટીઓમાં મેઘાલયમાં એનપીપી, તમિલનાડુમાં એઆઈએડીએમકે, સિક્કિમમાં એસકેએમ, નાગાલેન્ડમાં એનપીએફ, ઝારખંડમાં એજેએસયુ, મિઝોરમમાં એમએનએફ સામેલ છે. દક્ષિણ ભારતમાં ભાજપ ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને આશા છે કે એઆઈએડીએમકે એનડીએ ગઠબંધનને વધુ સીટો જીતાડી શકશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આંધ્રપ્રદેશમાં ટીઆરએસ સાથે ગઠબંધન કરીને ભાજપ દક્ષિણ ભારતમાં પોતાની પકડ મજબૂત કરશે.

## વિપક્ષના ઇન્ડિયાની વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ, ૨૬ દળો પર લગાવ્યો આરોપ

*નવીદિલ્હી,તા.૨૦*

*બેંગલુરૂમાં ૨૬ વિપક્ષી પાર્ટીઓએ ઈન્ડિયન નેશનલ ડેવલોપમેન્ટ ઈક્લૂસિવ એલાયન્સ (ઈન્ડિયા) નું ગઠન કર્યું જેથી વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (એનડીએ) ને પડકાર આપી શકાય. વિપક્ષી દળોનો દાવો છે કે તે ગઠબંધન ૨૦૨૪માં યોજાનાર લોકસભા ચૂંટણીમાં ભાજપના આગેવાનીવાળા એનડીએને પરાજય આપશે. પરંતુ ચૂંટણીમાં શું થશે તે તો આવનારો સમય બતાવશે. પરંતુ હવે વિપક્ષી દળોના ગઠબંધનના નામનો મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચી ગયો છે.*

*દિલ્હીના બારાખંબા રોડ સ્થિત પોલીસ સ્ટેશનમાં ૨૬ પાર્ટીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આ ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ વ્યક્તિ પોતાના અંગત ફાયદા માટે ઈન્ડિયા (ઈન્ડિયન નેશનલ ડેવલોપમેન્ટ ઈક્લૂસિવ એલાયન્સ શબ્દનો ઉપયોગ ન કરી શકે.*

*આ ફરિયાદ દિલ્હીમાં રહેતા અવનીશ મિશ્રા નામના વકીલે કરી છે. તેમણે કહ્યું કે, આ પાર્ટીઓએ પોતાના ગઠબંધનનું નામ INDIA રાખ્યું જે એમ્બ્લેમ એક્ટ-૨૦૨૨નું ઉલ્લંઘન છે. અવનીશ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું કે એમ્બ્લેમ એક્ટની કલમ ૩ હેઠળ કોઈ વ્યક્તિ ઈન્ડિયા નામનો ઉપયોગ પોતાના ફાયદા માટે ન કરી શકે. તેનાથી અમારી ભાવનાને ઠેસ પહોંચી છે.*

*ફરિયાદ અનુસાર, આવા ઉલ્લંઘનના કિસ્સામાં પ્રતીક અધિનિયમની કલમ ૫ હેઠળ દંડની જોગવાઈ છે.*

## તંત્રી લેખ......

# ભણવા માટે મુંબઈ-દિલ્હી ઉત્તમ, ટૉપ ૧૦૦માં ભારતનું એક પણ શહેર નહીં

ક્યુએસ બેસ્ટ સ્ટુડન્ટ સિટિઝ રેન્કિંગની ૧૧મી આવૃત્તિ જાહેર થઈ ગઈ છે. દુનિયાભરનાં શહેરોમાં વિદ્યાર્થીઓ માટે લંડન સૌથી શ્રેષ્ઠ શહેર છે. સતત પાંચમા વર્ષે લંડન આ યાદીમાં મોખરાના સ્થાને છે. એ પછી ટોક્યો, સિઓલ, મેલબોર્ન અને મ્યુનિક છે.

ટોચનાં ૧૦૦ શહેરોની યાદીમાં ભારતનું એક પણ શહેર નથી. જોકે રેન્કિંગમાં ૧૧૮મા ક્રમ સાથે મુંબઈ ભણવા માટે દેશનું સૌથી ઉત્તમ શહેર છે. તેની એફોર્ડેબિલિટી રેન્ક ૨૧ છે. ડિઝાયરેબિલિટી રેન્ક ૧૩૪ અને એમ્પ્લોયર એક્ટિવિટ રેન્ક ૫૩ છે. લિસ્ટમાં સામેલ ત્રણ અન્ય શહેરો કરતાં મુંબઈ આગળ છે. મુંબઈ પછીના ક્રમે ક્રમશઃ દિલ્હી, બેંગલુરુ અને ચેન્નઈ છે.

ભારતીય શહેરોમાં દિલ્હીને સૌથી ઊંચો એટલે કે ૬૩મો રેન્ક મળ્યો છે. દિલ્હીની શિક્ષણ સંસ્થાઓમાં આઈઆઈટી દિલ્હી, દિલ્હી યુનિવર્સિટી, જેએનયુ, જામિયા મિલિયાના સારા દેખાવને કારણે શહેરને આ રેન્ક મળ્યો છે.

વિશ્વનાં ૧૦ બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝમાં ૨-૨ જર્મની અને ઓસ્ટ્રેલિયાના છે. બોસ્ટન આ વર્ષે ફરી ટોપ-૧૦ શહેરોમાં સામેલ છે. કેનેડા અને યુએસનાં ૩-૩ શહેર ટૉપ ૨૦ સ્ટુડન્ટ સિટીઝમાં સામેલ છે. ૨૩ યુનિવર્સિટી સાથે સિઓલ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં પહેલા ક્રમે છે. ટોક્યો દુનિયાભરમાં એમ્પ્લોયર એક્ટિવિટીમાં મોખરે છે. એ પછી સિઓલ તથા બોસ્ટનનો ક્રમ છે. જ્યારે ઈન્ડોનેશિયાનું યોગ્યકાર્તા શહેર ભણવા માટે સૌથી સસ્તું છે.

## વહી છે

કયાં ચિતરી ત્યાં કયાં વહી છે?
જયાં ચિતરી નથી ત્યાં વહી છે!!

ઘનઘોર વાદળમાં ચિતરી છે,
વાદળો મહીં ખળખળ વહી છે

પાતાળમાં ઊંડે ઊંડે ચિતરી,
સાઈફનની જેમ પાતાળે વહી છે.

રંગબેરંગી કાગળમાં ચિતરી,
કાગળ મહીં પળપળ વહી છે.

માનસપટલમાં માનસિક ચિતરી,
મગજ મહીં સળસળ વહી છે.

ભરત વૈષ્ણવ

## સમસ્ત મહાજન દ્વારા "સુમંગલમ વ્યાખ્યાન શ્રૃંખલા" ના વિષય પર વેબીનાર શૃંખલાનો બીજો ભાગ. ડો. કનુભાઈ વસાવા (અમદાવાદ) માર્ગદર્શન આપશે

વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સંસ્થા સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ જે ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય છે તેઓ વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.

સમસ્ત મહાજન દ્વારા ×સુમંગલમ વ્યાખ્યાન શ્રૃંખલા× વિષય પર વેબીનાર શ્રૃંખલાનો બીજો ભાગ તા.૨૧/૦૭/૨૦૨૩ ને શુક્રવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે રાષ્ટ્રીય વેબીનાર યોજાશે. જેમાં ×ગ્રામ વિકાસ અને પ્રકૃતિ'' નાં વિષય પર માર્ગદર્શન આપવાનો પ્રયાસ આ વેબીનારમાં કરવામાં આવશે. કાર્યક્રમનાં સંચાલક ડો. મીનાકુમારી જાંગીડ તથા વક્તા ડૉ. કનુભાઈ વસાવા છે. તેઓ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં એસોસીએટ પ્રોફેસર છે. તેઓ યોગ વિદ્યા અને છંદ શાસ્ત્ર પરિચયનાં જાણકાર છે. તેમને બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર, બેસ્ટ કોમ્પ્લીમેન્ટસ એવોર્ડ, પીપીટી પ્રેઝન્ટેશન ઓફ ધ એડોપટેડ વિલેજ એવોર્ડ, બેસ્ટ અચીવમેંટ એવોર્ડ, ફેસેલીસીયેશન એવોર્ડ જેવા પારિતોષિક પ્રાપ્ત થયા છે.

### કિડની અંગે જનજાગૃતિ લાવવા માટે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા જિલ્લા કક્ષાએ વોકેશનલ શાળા ટ્રેનરો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કિડની અંગે જનજાગૃતિ લાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા શાળા જિલ્લા કક્ષાએ વોકેશનલ ટ્રેનરો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા દરેક દરેક વોકેશનલ ટ્રેનરોને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલ દ્વારા કિડની ચેકઅપ અને કિડની અંગેની જાગૃતિ તથા ડાયાબીટીશ, બ્લડ પ્રેશરનું ચેકઅપ નિઃશુલ્ક કરી આપવામાં આવ્યું હતું જેનો ૬૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલીમ જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલા, જિલ્લા સેકન્ડરી કોર્ડીનેટર કિરણબેન શીલુ, જિલ્લા એ.આર. એન્ડ વી.ઈ. વિપુલાબેન નમેરા, દંતોપંત ઠેંગડી કામદાર શિક્ષણ કેન્દ્રના જે.જે. પટેલ ઉપસ્થિત રહયાં હતાં.




અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર, શિંહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખ (ચેરમેનશ્રી– ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન)ના માર્ગદર્શન હેઠળ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થયના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. જેમા ગરીબ દર્દીઓને મદદ કરવાથી માંડીને હોસ્પીટલમાં દર્દીઓનું ડાયાલીસીસ કરતાં ટેકનીશ્યનો માટે પણ શિબીરો દ્વારા દર્દીઓને ડાયાલીસીસ સમયે દર્દીઓને કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે વગેરે બાબતો અંગેના સેમીનારો યોજવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા જીવનદાન કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાત મંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ કરવાનું ઉમદા કામ કરી રહી છે જેના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓગષ્ટ–૨૦૧૮ થી ડાયાલીસીસ સેન્ટર સંચાલીત છે. જેમાં જર્મન કંપનીના હિમોડાયાલીસીસ મશીન છે. જેમાં ૩૫ જેટલા દર્દીઓ સારવાર લેવા માટે આવી રહયાં છે. અને મહીનાના ૩૦૦ થી ૪૦૦ ડાયાલીસીસ થાય છે. આ ડાયાલીસીસ સેન્ટર શ્રી ક્રિષ્ના સાર્વજનીક હોસ્પીટલ હિંમતનગર ખાતે સંચાલીત છે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં એડવાઈઝર મિતલ ખેતાણી તથા પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે અશ્વીન ગોહેલ મો.૭૯૮૪૮ ૨૯૬૨૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અહંકાર માનવીનો સૌથી મોટો શત્રુ છે.

અહંકાર એટલે હુંપદ, તોર,મત્સર,તુમાખી, અભિમાન, ગુમાન, ઘમંડી વિગેરે જેવા પર્યાયવાચી શબ્દો મૂકી શકાય.દુનિયાના તમામ વ્યક્તિઓને પોતાનું સ્વાભિમાન હોય છે એની ના નથી, પરંતુ જ્યારે તે સ્વાભિમાન અહંકારમાં પરિવર્તિત થઈ જાય ત્યારે તે વ્યક્તિનું પતન થઈ જાય છે. અહંકારી વ્યક્તિ શું સારું અને શું નરસું એ જાણવાની દરકાર કરતાં નથી અને પોતાને જ સર્વસ્વ સમજે છે અને સામેવાળી વ્યક્તિને તુચ્છ, કાયર અને નિર્બળ ગણે છે. આવી વ્યક્તિઓ મિથ્યા ગુમાનમાં રાચે છે અને પોતાના અહંકારી સ્વભાવને કારણે ગમે ત્યારે ગમે તે વ્યક્તિ સાથે નજીવા કારણસર ઝઘડો કરી નાંખે છે. આવા અહંકારી માણસો, પોતાના આવા અહંકારવાળા સ્વભાવને કારણે જ હાથે કરીને, એમનું પતન નોતરે છે. રાવણને એની સત્તા અને બાહુબળ ઉપર મિથ્યાગુમાન હતું વળી નવગ્રહો એનાં ગુલામ હતાં ઉપરથી દેવોએ એને જાતજાતના વરદાનો આપ્યાં હતાં એટલે એ સ્વચ્છંદી બની ગયો અને અહંકારના આવેશમાં સારાસારનો વિવેક ભૂલી ગયો અને માતા સીતા જેવી પવિત્ર, સુલક્ષણા અને પતિવ્રતાનું હરણ કરવાની કુચેષ્ટા કરી બેઠો અને સોનાની લંકા સમેત રાક્ષસ કુળનો સત્યાનાશ નોતરી બેઠો હતો. મથુરાના રાજા કંસે પોતાના પિતાને કેદ કર્યા હતાં અને પોતાનાં સાત ભાણેજડાઓને જન્મ થતાંની સાથે જ પોતાના હાથે પટકી પટકીને મારી નાંખ્યા હતાં. પરંતુ આઠમું સંતાન કૃષ્ણ ભગવાન બચી ગયાં હતાં અને નંદબાબાને ત્યાં ઉછરીને અહંકારી અને દુષ્ટ કંસરાયનો વધ કરીને મથુરા નગરીને આઝાદ કરાવી હતી. હિરણ્યકશિપુ એ પોતે મેળવેલાં વરદાનોનો દુરુપયોગ સમગ્ર દેવગણને સતાવવા લાગ્યો હતો અને અહંકારના કેફમાં ભગવાન વિષ્ણુ સામે બાથ ભીડવા લાગ્યો એટલું જ નહીં પોતાનો પુત્ર પ્રહ્લાદ છે ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો એની ઉપર પણ હિરણ્યકશિપુએ જાતજાતના અત્યાચાર ગુજાર્યા હતા અને અંતે ભગવાને નૃસિંહ અવતાર ધારણ કર્યો અને હિરણ્યકશિપુનો વધુ કર્યો હતો. ભીમને પણ પોતાની શક્તિ ઉપર ગજબનું ઘમંડ હતું પરંતુ હનુમાનજીએ એનું અભિમાન ઉતારી નાંખ્યું હતું. વીર, પરાક્રમી અને મહા બાણાવળી અર્જુને મહાભારતના યુદ્ધમાં એકલે હાથે ૧૮ અક્ષૌહિણી કૌરવોની સેનાને હણી નાંખી હતી, પરંતુ યુદ્ધ પૂરું થયાં બાદ પોતાના ગાંડીવ ધનુષ્ય સાથે કોઈ કારણસર જંગલમાંથી પસાર થતો હતો, તે સમયે કિરાત નામના એક લૂંટારાએ અર્જુનને પડકાર્યો હતો અને યુદ્ધમાં હરાવીને લૂંટી લીધો હતો તેથીજ કહેવત પડી કે " સમય બડા બલવાન હે, નહીં પુરુષ બલવાન, કાબે અર્જુન લૂંટ્યો, નહીં ધનુષ્ય વહી બાણ".

પાવાગઢના પતાઈ રાજાએ સત્તાના મદમાં અંધ બનીને મહાકાળી માતાજીનો હાથ પકડ્યો હતો અને મહાકાળી માતાએ પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને પતાઈ રાવળને ભયંકર પરચો બતાવી દીધો હતો. આમ તમે ઈતિહાસનાં પાને પાનાં ફેંદી નાંખશો તો તમોને આવી અવનવી ઘણી ન સાંભળેલી વાતો જાણવા મળશે, પરંતુ દરેક વાતનો સાર એ છે કે કોઈ પણ વ્યક્તિએ અહંકારી બનવું નહીં. પરશુરામ મુનિએ પોતાના અહંકારને કારણે આ પૃથ્વીને ૨૧ વખત નક્ષત્રિય (ક્ષત્રિય વિહોણી) કરી નાંખી હતી. અહંકારી વ્યક્તિ પોતે તો દુઃખી થાય છે, પરંતુ સામાવાળાને પણ દુઃખી કરે છે.અમુક જ્ઞાની મુનિઓ અને મહાત્માઓ અહંકારને એક ખાઈ સમાન ગણે છે. તેઓ જણાવે છે કે, કોઈ વ્યક્તિ ભુલથી મોટી ખાઈ કે ખીણમાં પડી જાય તો પણ ઈશ્વરની એના ઉપર કૃપા હોય તો એ વ્યક્તિ મોતનાં મુખેથી ઉગરી (બચી) જાય છે. પરંતુ અહંકારી વ્યક્તિ એક વખત નફરતની ખાઈમાં પડી જાય, પછી એ કોઈ કાળે એમાંથી બહાર આવી શકતો નથી. આમ અહંકાર એજ માનવજાતનો બહું મોટો શત્રુ ગણાય છે.

યોગેશભાઈ આર જોશી

# સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સંચાલિત શ્વાન આશ્રમમાં ૫૦૦ બીમાર, ઘવાયેલા, અંધ, અપંગ, પેરેલીસીસવાળા શ્વાનોને આશ્રય મળશે



વિશ્વમાં સૌથી વફાદાર પ્રાણી એટલે શ્વાન. શ્વાન તમામ પ્રકારના જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મધ્યયુગના સમયમાં, પહેલાના લોકો કૂતરાઓને પોતાની સાથે રાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂટારાઓ અને ભૂત-પ્રેતથી બચી શકે.વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારના જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ-મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે જેથી તેઓ પોતાના ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં શ્વાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મમાં કૂતરાને યમનો દૂત કહેવામાં આવે છે. શ્વાનને હિન્દુ દેવતા ભૈરવ મહારાજનો સેવક માનવામાં આવે છે. શ્વાનને ભોજન આપવાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભકતની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે શ્વાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ-કેતુ સંબધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખાવડાવાથી દૂર થઈ શકે છે. રાહુ -કેતુના , કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો શ્વાન જયાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. શ્વાન એ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને,બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 'સદભાવના શ્વાન આશ્રમ ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા ,ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનો ને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર,સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર,વેકસીનેશન,ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનુંદરરોજચેકઅપઅનેસારવાર થાયછે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ,ખંઢેરિ સ્ટેડિયમની સામે. ગારડિ કોલેજ ની બાજુમાં,રાજકોટ (મો. ૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### ફ્રિડમ ડે કેર સેન્ટરના મનોદિવ્યાગ બાળકો સાથે બેંક ઓફ બરોડા મેઈન બજાર ધોળકા શાખા દ્વારા ૧૧૬ માં સ્થાપના દિવસની ઉજવણી




ફ્રિડમ ડે કેર સેન્ટર ધોળકા છેલ્લા બાર વર્ષથી

## ફ્રિડમ ડે કેર સેન્ટરના મનોદિવ્યાગ બાળકો સાથે બેંક ઓફ બરોડા મેઈન બજાર ધોળકા શાખા દ્વારા ૧૧૬ માં સ્થાપના દિવસની ઉજવણી .

મનોદિવ્યાગ બાળકો માટેનું તાલિમ કેન્દ્ર ચલાવી રહયા છીએ જેમાં આજ તા -૨૦/૦૭/૨૦૨૩ ને ગુરુવાર ના રોજ બેંક ઓફ બરોડા મેઈન બજાર ધોળકા શાખા કલિકુંડ દ્વારા તેમનો ૧૧૬ મો સ્થાપના દિવસ સંસ્થાના દિવ્યાગ બાળકો સાથે ઉજવવામાં આવ્યો જેમાં બ્રાન્ચ મેનેજર શ્રી બ્રિજેશભાઈ પરીખ , બેંક ઓફ બરોડા સટાફ તથા બહુમૂલ્ય ગ્રાહક શ્રી ગોવિંદભાઈ પટેલ ના હસ્તે દિવ્યાગ બાળકોને સ્કૂલ બેગ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંસ્થા પરિવારવતી પ્રમુખ ભાવિન પરમાર દ્વારા બેંક ઓફ બરોડા મેઈન બજાર ધોળકા શાખાનો આભાર માનવામાં આવ્યો.

# બારેશી પ્રજાપતિ સમાજ ની પ્રથમ દીકરી વિદેશ ગમન દિકરી નથી સાપનો ભારો દિકરી છે તુલશી નો ક્યારો

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાનુ નાનું ગામ બુઢેલી શિક્ષક પિતાની પુત્રી હિરલ પ્રજાપતિ માં ભોમ ભારત ની ભૂમિ છોડી વિદેશ જવાનું સપનું પૂર્ણ કરી દીધું છે પિતા રમણભાઈ કે પ્રજાપતિ એક પ્રાથમિક શાળાના કેળવણીકાર શ્રેષ્ઠ શિક્ષક રહ્યા છે જેમને પુત્રી ને એક ઉત્તમ શિક્ષણ આપ્યું છે શિક્ષણ એ આજના સમયમાં મહાન ઔષધિ સાબિત થયું છે ગરીબીની ભયંકર હાડમારીમાથી બહાર નીકળવાનો મુખ્ય સ્ત્રોત શિક્ષણ છે હિરલ પ્રજાપતિ એ અહી શિક્ષણમાં સફળતા મેળવી ગુજરાત સરકાર નાં આરોગ્ય વિભાગ માં પોતે નર્સ તરીકે નોકરી મેળવી આરોગ્ય વિભાગમાં



વિવિધ જગ્યાએ ફરજ બજાવી પોતાની સેવાઓ આપી રહી હતી પોતાના જીવનના પ્રભુતામાં પગલાં માંડ્યાં પછી વડોદરા શહેર માં સ્થા?ઈ થયાં હતાં અને નર્સ તરીકે ની સેવા આપતા હતાં પોતાના જીવનનું એક સપનું વિદેશ ની દુનિયા જોવાનું નાની વયે થી નક્કી કરેલું સપના દરેક ઉંમરે જોઈ શકાતા હોય છે અને સપના જોવા દરેક વ્યક્તિ ની ફરજ છે સપના જોવા માટે કોઈપણ જાતનો જી.એસ.ટી ટેક્ષ ભરવો પડતો નથી પણ સપના ને સાકાર કરવા એ પોતાનું લક્ષ અને જનુન હોવું જોઈએ ત્યારે સાકાર થતાં હોય છે પોતાના જીવનને ઉચ્ચસ્તરે સિધ્ધી પ્રાપ્ત કરવા ઓસ્ટ્રેલિયા જય રહી છે આજે સમાજમાં દીકરીઓ અને મહિલાઓ એ પોતાની ક્ષમતા પ્રમાણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી સિધ્ધી પ્રાપ્ત કરી છે કહેવાય છે કે મન હોય તો માળવે જવાય દિકરી નથી સાપનો ભારો દિકરી છે તુલશી નો ક્યારો આ પંક્તિ ને હિરલ પ્રજાપતિ એ સાબિત કરી બતાવી છે કોરોના કાળમાં રાત દિવસ જોયા વગર પોતાની ફરજ પર અડગ રહી પોતાનો માનવ ધર્મ સમજી આવનાર દર્દીની સેવાઓ કરી છે પોતાની ઉચ્ચ કારકિર્દી માટે વિદેશ જતો બારેશી પ્રજાપતિ સમાજ ની પ્રથમ દીકરી હિરલ પ્રજાપતિ ને શ્રવણ સુખધામ સંસ્થાના આધસ્થાપક એ અંતરની શુભેચ્છાઓ પાઠવી વધુ પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા છે...

**અહેવાલ.. રીપોર્ટ.. હિરેન પ્રજાપતિ**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:153
વિષય: "પ્રસંગ" શીર્ષક:"લગ્ન:સંગ,પ્રસંગ કે પ્રહસન.
પ્રકાર:ગધ્ય. શબ્દો: ૩૪૦
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

"લગ્ન એટલે શું,તે નકકી કરતાં પહેલાં તમારે એ નક્કી કરવુ પડશે કે તમે શું. ઈચ્છો છો ? પ્રેમ પછીનો લગ્નપ્રસંગ કે લગ્નપ્રસંગ પછીનો પ્રેમ ? લવમેરેજ કે મેરેજલવ ?લવમેરેજમાં લાગણી પ્રથમ જાગે છે અને તેને આપણે સંબંધથી બાંધીયે છીએ. મેરેજ લવમાં પ્રથમ સંબંધ બંધાય છે. અને પછી લાગણી જન્માવવી પડે છે. રુઢીગત લગ્નમાં પત્ની પ્રશ્નપત્રની જેમ આપણી સમક્ષ આવે છે કે જેનાં ઉત્તરો આપણે શોધવાં પડે છે. તેને અનુરૂપ થવું પડે છે, તેને અનુસરવું પડે છે. જ્યારે પ્રેમ-લગ્નમાં તો આપણે પહલેથી જ પ્રશ્નો જાણતાં હોઈએ છીએ.હું તો માનું છું કે એકબીજાં ને ઓળખવાં, તેને અનુરૂપ થવું તેને અનુસરવું, યોગ્ય જગ્યાએ યોગ્ય રીતે વિરોધ કરવો, યોગ્ય જગ્યાએ તેને ટેકો આપવો, યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવા તે આદર્શ પાતિ-પત્નીની એકબીજા પ્રત્યેની ફરજ છે. ઘણાં લોકો લગ્નને 'એક વચન માને છે. જયારે મોટા ભાગનાને તે એક પ્રવચન લાગે છે કે જેમાં શ્રોતા બનવાનું ભાગ્ય પુરૂષ નાં નસીબે છે. લગ્ન એક સહકારી સંસ્થા છે.તેમની ફરજ માત્ર એકબીજા પ્રત્યેની નથી પરંતુ સમગ્ર કુટુંબ પ્રત્યેની છે.લગ્નથી પતિ-પત્નીને એકબીજાને સંગ સાંપડે છે.જ્યારે કુટુંબ માટે તે એક પ્રસંગ બની રહે છે. તેઓ લગ્નપ્રસંગને પોતાની ઈજ્જતનો સવાલ બનાવી દેછે. સમાજમાં પોતાની પ્રતિષ્ઠા પ્રસંગની કેવી રીતે ઉજવણી કરો છો તેના પર છે તેમ તેઓ માને છે. ઉધાર પેસા લાવીને ગામમાં પોતાને ઉદાર કહેવડાવે છે. મોભાનો પ્રશ્ન બનાવી ને આ પ્રસંગે ઘણાં લોકો લખ-લૂટ ખર્ચ કરી પોતાને મોભાદાર કહેવડાવે છે. આજનોઆધુનિક યુગલો લગ્ન પછીની એકબીજાની ફરજ નથી સમજતા, જવાબદારીઓ નથી ગણકારતા અને સમાજ માટે, લોકો મ્રાટે એક પ્રહશન સમ બની રહે છે, અને તેઓ તે પ્રહસનના હીરો-હીરોઈન બની રહે છે. તેમના બાળકો માની માયા કે કાયા બેમાંથી એકેયનો લાભ નથી મળતો. આધુનીકતામાં રાચતા, કલબ-ડાન્સ નાં પ્રોગ્રામો બનાવતા તે મા-બાપોના બાળકોનાં નસીબમાં તો આયાની માયા અને બોતલનું દૂધ છે. પછી ભલેને તેમનામાં સંસ્કાર માં જેવા નહીં પણ આયા જેવાં આવે છે અને સ્વભાવ પેલી દૂધની બોતલ જેવો થાચ છે.. આ બાળક યુવાન થઈ ને સમાજનું કેવું ઘડતર કરશે તે આ આધુનીક મા-બાપો એ વિચાર કરવો રહે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 149
વિષય પ્રસંગ
પ્રકાર ગદ્ય
શબ્દ ૩૨૫
શીર્ષક જીવન પ્રસંગ
નામ પલ્લવી જોષી.
સરિતા

પ્રસંગ કોને કહેવાય ? ક્યા સમયને પ્રસંગ કહેવાય ? તો આપણા ઘેર પૂજા પાઠ,કીર્તન ભજન હોય,દીકરા કે દીકરીનાં લગ્ન હોય,જન્મદિવસની ઉજવણી હોય આ બધાંને પ્રસંગ કહેવાય છે.

બીજું તમારા જીવનમાં કંઈક આકસ્મિક ઘટના બને,કે ઓચિંતુ, અણધાર્યું કોઈ મળી જાય તો આપણે એ સમયને પ્રસંગ કહીએ છીએ.

કોઈને એકદમ મળવાનું થાય,કોઈની સાથે એકદમ દિલથી લાગણીનાં,સ્નેહનાં સંબંધ બંધાઈ જાય તો,આપણે કહીએ છીએ કે એમની સાથે મારે સંબંધ બંધાયો તો મારા આનંદની કોઈ સીમા જ ના રહી.

ઘરમાં દીકરા કે દીકરીને ત્યાં બાળકનો જન્મ થાય,ને પારણું બંધાય તો એ આપણાં જીવનની સૌથી મોટી ખુશી છે,આ સમયને આપણે પ્રસંગ કહીએ છીએ.

અચાનક તમારા જીવનમાં કોઈકનું આગમન થવું એ પણ એક પ્રસંગ જ છે.આપણાં જીવનમાં જે કંઈ સારું કે માઠું બને છે એ પ્રસંગ કહેવાય છે.

મારા એક કવિ મિત્ર છે ,એમની સાથે ફોન પર વાત થઈ મારી. ખૂબ જ જવોલી સ્વભાવના માણસ.આપણું અડધું દુઃખ તો એમની સાથેની વાતમાં જ ગાયબ થઈ જાય.

મને કહે બહુ નિરાશ લાગો છો,મેં કહ્યું ના રે ના,કોઈ જ તકલીફ નથી.મને કહે તમે બહુ ઘવાયેલા લાગો છો.મેં કીધું હું તો કશે પડી નથીં, કૃદ્ધ કૈહી. તો મને કહે તમે દુઃખની અને વિરહની રચના બહુ લખો છો એટલે મને એવું લાગ્યું,તો મેં કીધું બધાં જો હરખની ને સુખની રચના લખે તો કોઈકે તો વિરહ પર લખવું પડેને.એમની આ ઘાયલ થવાની વાત પરથી વર્ષો પહેલાની શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ "પારકીથાપણ " નું ગીત યાદ આવે છે....

પૂછો તો ખરા ઘાયલને શું થાય છે ?

મેં એમને કીધું મને શોખ છે એટલે વિરહની રચના વધારે લખુ છું બાકી મારા જીવનમાં હું ખૂબ ખૂબ સુખી છું. આ પણ જીવનનો યાદગાર પ્રસંગ કહેવાય ?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 089
વિષય પ્રસંગ
પ્રકાર ગદ્ય
શીર્ષક કેવો લાગ્યો

પ્રસંગ મારો હતો ને મારી ગેરહાજરી હતી. સારી યા નરસી વાતો ચાલતી હતી. પણ હું ક્યાં?
નાની માટલીમાં પુરાયો હતો.

ચાલો મિજાજ બદલું. આંગણામાં શરણાઈના સૂર રેલાઈ રહ્યાં હતાં. મંડપના ગાદી તકિયા પર જાનૈયા બિરાજ્યા હતા. રસોડામાં હવે ઢાંકવાની ક્રિયા ચાલતી હતી.

ત્યાં એક દૂરના સગા બે બાળકો સાથે જમવા આવ્યા. મારો નટખટ ભાઈ બોલી ઊઠ્યો. "તમે સવારનું જમવા આવ્યા કે સાંજનું"?

આવનાર પરોણા રિસાયા . જમ્યા વગર વિદાય થયા. મારી માને આ વાતની જાણ થઈ. સગા મારી દાદીના હતા, પગે લાગીને મનાવી લાવી. જાતે ભાણાં પિરસયા.

પ્રસંગ વગર જીવન કેવી રીતે જીવાય. આ ધરા પર અવતરણ કર્યું. જન્મનો પ્રસંગ , જન્મ દિવસ આવે, પરીક્ષા પાસ થાવ એટલે ઉજવણીનો પ્રસંગ, સગાઈ, લગ્ન, નવા ઘરનું વાસ્તુ, બાળકનું આગમન, સીમંતનો પ્રસંગ, દાદા કે દાદી સ્વર્ગે સિધાવ્યા , મૃત્યુનો પ્રસંગ આમ પ્રસંગ તો આવવાના. બસ પ્રભુને વિનંતિ તકલિફ વગર પાર પડે.

તકલિફ યા વિઘ્ન આવે તો સહન કરવાની શક્તિ આપે. ખુશીના પ્રસંગમાં અહંકાર કરવાને બદલે ઈશ્વરનો આભાર સદા માનવો.

સુખ અને દુખ સંસારમાં આવે કિંતુ સહુ પ્રસંગ દરમિયાન સમતાનું ધારણ આવશ્યક છે.

પ્રસંગોપાત નવીન વ્યક્તિ કે વાતાવરણની અસર સવભાવિક છે. જીવન જીવવાની કળાનું પ્રદર્શન ત્યારે થાય છે.

લગ્ન પ્રસંગ હોય કે મૃત્યુનો દરેકનું ઉચિત સંચાલન માનવને સોહાવે છે. યાદ રહે પ્રસંગોથી છૂટકારો થવાનો નથી.

તો પછી જે પણ પ્રસંગ જીવનમાં આવે તેને હસ્તે મુખે વધાવો. કશું કાયમી નથી. જે આવે છે તે જવાનું નક્કી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર જીજી ર્દ્ર: ૧૨૦
પ્રકાર: પદ્ય
વિષય : પ્રસંગ
શીર્ષક : પ્રસંગ
નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા
? ??"પ્રસંગ"

મારા જીવનમાં અનેક આવીને ગયા પ્રસંગ
હોંશથી પરિવાર મળીને ઉજવીએ પ્રસંગ
જીવનમાં ઘણા સારા નરસા આવે પ્રસંગ
અફસોસ કર્યા વિના અમે ઉજવીએ પ્રસંગ...
માણસો અનેકવાર ઉજવતા હોય પ્રસંગ
ગમે કે ન ગમે પણ હોંશથી ઉજવે પ્રસંગ
ગરીબ-અમીર સૌ પોતાનો ઉજવે પ્રસંગ
જેની જેવી સંપત એવો એ ઉજવે પ્રસંગ...
સુખનો કે દુઃખનો ઉજવવો પડે પ્રસંગ
મને-કમને થઈને ઉજવવો પડે પ્રસંગ
ધરતી પર બધાને ઉજવવા પડે પ્રસંગ
એ છાસવારે તહેવારો ઉજવાય પ્રસંગ...
સર્વધર્મનાં તહેવારોને ઉજવોએ પ્રસંગ
નાત-જાતનાં ભેદ ભૂલીને ઉજવો પ્રસંગ
ભારતીય સંસ્કૃતીને ટકાવી રાખે પ્રસંગ
સત્યનાં રાહપર આપણે ઉજવીએ પ્રસંગ...
શાળામાં ઉજવાતા ઉત્સવોય પ્રસંગ
ધાર્મિક કે સામાજીક ઉજવાયએ પ્રસંગ
તહેવારમાં
આભાર - નિહારીકા રવિયા વહેવાર સચવાય એ પ્રસંગ
સમરસતાથી પર્વ ઉજવાય એટલે પ્રસંગ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS no. - 0063
વિષય - પ્રસંગ
વિભાગ - ગદ્ય
શીર્ષક - 'આનંદની અનુભૂતિ'

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું અનેરું, અનેકગણું મહત્વ છે. ભૂતકાળમાં સામાન્ય જનજીવનને પોતાનાં રોજીંદા કામમાં ઉત્સાહ અને ઉમંગ જળવાઈ રહે અને નિરસતા દૂર થાય એ માટે આપણાં વડવાઓએ સાંસ્કૃતિક સમાજ વ્યવસ્થાની એવી ગોઠવણ કરી કે ઉત્તર- દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ દરેક સ્થળે સમયાંતરે ઉત્સવો આવતાં રહે અને લોકો થોડાં સમય માટે પોતાનાં તમામ દુઃખદર્દ ભૂલી આનંદની અનુભૂતિ કરે.
આવી જ બીજી સમાજવ્યવસ્થા એટલે નાના-મોટા પ્રસંગોની ઉજવણી. અત્યારે એકબીજાંની રૂબરૂ મુલાકાતો, અનેક સગવડતાઓ હોવાં છતાં સમય સંજોગોને કારણે મુશ્કેલ બની છે. ત્યારે આ પ્રસંગો જ એક માધ્યમ છે કે જે લોકોને સોશીયલ મિડીયાને બદલે રૂબરૂ મુલાકાતની તક આપે છે. પ્રસંગો દરમિયાન દરેક પેઢી પોતાની દુનિયામાં મસ્ત બનીને મહાલે છે.
મિત્રો, આ વ્યવસ્થાની ફલસૃતિ એટલે જોજનો દૂર રહેતાં અને શારીરિક અક્ષમ એંસી વર્ષના દેરાણી, વ્હિલચેરમાં બેઠેલા બ્યાસી વર્ષનાં જેઠાણીને મળી સ્વર્ગે સિધાવેલા સાસુને યાદ કરે. હજારો કિલોમીટર દૂર રહેતાં પિતરાઈ ભાઈ બહેનો દાદાને ઘરે રાત્રે અગાશીએ સૂતાં સૂતાં નાનાં કાકાએ કરેલી ભૂતની વાતો ફરી એટલાં જ ઉત્સાહથી યાદ કરે અને અત્યારે પચાસનો થયેલ નાનકો ત્યારે કેટલો બીતો એ એનાં પૌત્રને કહે... વહુવારુઓની એક અલગ મંડળી પોતાનાં રોજીંદા જીવનનાં વણકહ્યા વણલખ્યા પાનાં ખોલે.
હા, આ જ તો છે, પ્રસંગે ભેગાં થઈ, પોતાનાંઓની નજીક આવવાની, લાગણીઓને વાચા આપી મનને કોઈપણ પ્રકારનાં દંભ કે દેખાડા વગર હળવાફૂલ કરવાની, એક સુદઢ વ્યવસ્થા કે જેનાં થકી આંતરિક આનંદની અનુભૂતિ થાય.

- રીટા ભાયાણી.

# કોટન-ખાંડીના વાયદામાં ૧,૧૦૪ ખાંડીના વોલ્યુમ સાથે ભાવમાં રૂ.૩૮૦નો સુધારો: ઓપન ઈન્ટરેસ્ટ ૧૮,૩૮૪ ખાંડીના સ્તરે

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૮,૦૮૧ સોદાઓમાં કુલ રૂ.૨૦,૬૦૫.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૧૬૫.૮૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૩૪૨૫.૧૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૭,૮૭૯ સોદાઓમાં રૂ.૪,૩૪૭.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૯૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૯૮૪ અને નીચામાં રૂ.૫૯,૭૬૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮ વધી રૂ.૫૯,૭૯૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩ વધી રૂ.૪૮,૨૯૪ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૫,૯૪૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૫૯,૬૯૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૬,૫૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૬૭૪ અને નીચામાં રૂ.૭૬,૨૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧ ઘટી રૂ.૭૬,૪૦૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૨ વધી રૂ.૭૬,૧૯૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૩ વધી રૂ.૭૬,૨૦૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૦૮૬ સોદાઓમાં રૂ.૧,૬૧૯.૫૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૪.૪૦ના ભાવે ખૂલી, રૂ.૯.૫૦ વધી રૂ.૭૩૧.૭૫ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ વધી રૂ.૧૯૭.૪૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૫ વધી રૂ.૨૧૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ વધી રૂ.૧૯૭.૫૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૨.૧૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૨૧૪.૯૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૦,૩૩૪ સોદાઓમાં રૂ.૧,૧૮૧.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૨૨ અને નીચામાં રૂ.૬,૧૭૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬ વધી રૂ.૬,૨૧૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭ વધી રૂ.૬,૨૧૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૬ના ભાવે ખૂલી, રૂ.૪.૪૦ વધી રૂ.૨૧૯.૭૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૪ વધી ૨૧૯.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૬.૭૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૨૦૦ અને નીચામાં રૂ.૫૭,૮૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ વધી રૂ.૫૮,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૨૦ ઘટી રૂ.૮૭૨.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૦૮.૩૮ કરોડનાં ૩,૮૫૧.૪૨૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૩૯.૨૦ કરોડનાં ૨૬૬.૫૩૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૩૯૨.૬૮ કરોડનાં ૬,૩૩,૫૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૮૯.૨૧ કરોડનાં ૩,૬૨,૦૧,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૭.૬૯ કરોડનાં ૮,૪૯૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૧.૭૩ કરોડનાં ૧,૭૪૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૯૬૮.૯૨ કરોડનાં ૧૩,૨૯૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૫૧.૨૩ કરોડનાં ૨૧,૦૬૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬.૪૦ કરોડનાં ૧,૧૦૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૦.૩૯ કરોડનાં ૧૧૭.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૪૬૭.૧૭૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૯૩.૧૬૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૨૫૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૫૦૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૭૮૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૮,૬૯૮ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૭૩,૫૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૩૯,૯૮,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૩૮૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૬૭.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૪.૦૨ કરોડનાં ૧૭૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૧૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૬,૩૧૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૨૮ અને નીચામાં ૧૬,૨૮૫ બોલાઈ, ૪૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨ પોઈન્ટ વધી ૧૬,૨૮૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૩૪૨૫.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૯૭૯.૮૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૯૯.૩૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૮૨૩.૬૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૨૦૮.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪૮.૪૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૦.૯૦ અને નીચામાં રૂ.૨૩૦.૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૪૬.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪ ખૂલી, ઉપરમાં રૂ.૫.૭૦ અને નીચામાં રૂ.૩.૮૦ રહી, અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૫.૪૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૦ અને નીચામાં રૂ.૨૦૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯ વધી રૂ.૨૧૭ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૫૦ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૨૪.૫૦ વધી રૂ.૨૧૬ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૩૭ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૨,૨૯૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૨.૫૦ વધી રૂ.૨,૦૪૯ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૭૩ વધી રૂ.૪.૭૯ જસત ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૩ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૦.૪૦ અને નીચામાં રૂ.૨૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૩૨.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮ અને નીચામાં રૂ.૫.૫૦ રહી, અંતે રૂ.૨.૪૦ ઘટી રૂ.૫.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૭ અને નીચામાં રૂ.૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧ ઘટી રૂ.૭૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦.૫૦ અને નીચામાં રૂ.૧૦૦ રહી, અંતે રૂ.૧૩ ઘટી રૂ.૧૨૧ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૭૫ના ભાવે ખૂલી, રૂ.૪૧ વધી રૂ.૧,૪૬૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૩૩ના ભાવે ખૂલી, રૂ.૪૬.૫૦ વધી રૂ.૧,૪૨૦.૫૦ થયો હતો.

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ દ્વારા અમદાવાદ ઝોનલ હેડ શ્રીમતી કવિતા ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ પ્રદેશના શાખા સંચાલકો સાથે 'રિવ્યુ મીટિંગ'નું આયોજન કરવામાં આવ્યું



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ દ્વારા ૧૮.૦૭.૨૦૨૩ ના રોજ અમદાવાદ ઝોનલ હેડ શ્રીમતી કવિતા ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ પ્રદેશના શાખા સંચાલકો સાથે 'રિવ્યુ મીટિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના પોલીસ કમિશ્નર શ્રી પ્રેમવીર સિંઘ દ્વારા 'સાયબર ક્રાઈમ એન્ડ સિક્યોરિટી' વિષય પર બ્રાન્ચ મેનેજર માટે ખાસ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ, શ્રીમતી કવિતા ઠાકુર, ઝોનલ હેડ અને ડો. હિમાંશુ ગુપ્તા, રીજીયોનલ હેડ, અમદાવાદ રિજન, શ્રી પ્રેમવીર સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. તેમના સંબોધનમાં, શ્રીમતી કવિતા ઠાકુરે પોલીસ કમિશનરનું સ્વાગત કર્યું અને અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા અને જાહેર જનતાને સલામત રાખવા માટે તેમજ 'સાયબર ક્રાઈમ અને સુરક્ષા' વિષય પર પ્રવચન આપવાની પરવાનગી આપવા બદલ તેમનો આભાર માન્યો.

તેમના પ્રવચનમાં અમદાવાદના પોલીસ કમિશનર શ્રી પ્રેમવીર સિંઘે બ્રાન્ચ મેનેજર સાથે 'સાયબર ક્રાઈમ એન્ડ સિક્યોરિટી' વિષય પર ચર્ચા કરી હતી અને બેંક દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે સોફ્ટવેર અપગ્રેડેશન પર ભાર મૂક્યો હતો. બ્રાન્ચ મેનેજરોએ તેમના અને તેમના સ્ટાફના પાસવર્ડ ગુપ્ત રાખવા, નવા ખાતામાં અથવા અમુક ખાતામાં અચાનક મોટી રકમ જમા કરાવવા અથવા દરરોજ અમુક રકમ જમા કરાવવા અને ઉપાડવા અંગે પણ સાવચેત રહેવું જોઈએ. અવાંછિત ફોન કોલ્સ, ઈ-મેઈલ કે અન્ય આકર્ષક સ્કીમ પર ક્લિક કરશો નહી, કારણ કે દરેક વસ્તુની કિંમત ચૂકવવાની હોય છે પછી ભલે તે મફત હોય કે આપણો લોભ. બ્રાન્ચ મેનેજરોએ પણ આ તકનો લાભ લઈને તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં મમતા દિવસની ઉજવણી કરવામાં આવી



ગુજરાત સરકારશ્રી દ્વારા માતા અને બાળકને આરોગ્યની તપાસ સેવાઓ મળી રહે તે માટે મમતા દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.માતા અને બાળકને આરોગ?યની તમામ સેવાઓ મળી રહે તે માટે સરકારશ્રીએ મમતા દિનની ઉજવણી કરવાનું નકકી કરેલ છે.

મમતા દિવસ અંતર્ગત અરવલ્લી જિલ્લા પ્રા.આ.કેન?દ્ર/ સા.આ.કેન?દ્ર કક્ષાએ સોમવારે તથા સબસેન?ટ કક્ષાએ તથા અન?ય ગામોએ નકકી કરેલ સ?થળે અને બુધવારના દિવસે આરોગ?ય વિષયક કામગીરી કરવામાં આવે છે. જેમાં અરવલ્લી જિલ્લાના ફરેડી ગામે ટીબી પેશન્ટની મુલાકાત લેવામાં આવી હતી, અને મહિલાઓની મુલાકાત કરીને પીએચસી સેન્ટરથી જરૂરી સારવાર લેવા જાણકારી આપવામાં આવી. જેમાં,ધાત્રી માતાની તપાસ,૦ થી ૫ વર્ષ સુધીનાં તમામ બાળકોને રસીકરણ તથા તપાસ અને વૃધ?ધિ વિકાસ અંગેના ચાર્ટ બનાવવામાં આવે છે.કિશોરી શકિતની બહેનોને કાઉન?સેલીગ દ?વારા આરોગ?ય વિષયક જાણકારી.સગર્ભા માતાની હિમોગ?લોબીન તપાસ, બી.પી., યુરીન તપાસ હાઈરીસ?ક માતા તપાસ તથા સારવાર,રેફરલ સેવાઓ અપાવવી.આ મમતા દિવસે માતા અને બાળકના સ?વાસ?થ?ય સબંધી તમામ તપાસ તથા સારવાર આપવામાં આવે તેમજ માતા મરણદર અને બાળ મરણદરને અટકાવવા માટેની કામગીરી કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં આરોગ?યના વિભાગ તથા આંગણવાડી કાર્યકર, આ અંગેનું સુપરવિઝન પ્રા.આ.કેન?દ્રના સુપરવાઈઝર તથા બ?લોક કક્ષાએથી બ?લોક હેલ?થ ઓફિસર/બી.આઈ.ઈ.સી. ઓફિસર/ બ?લોક એચ.વી./ મુખ?ય સેવિકા બહેનો/ સી.ડી.પી.ઓ. દ?વારા સુપરવિઝન કરવામાં આવે છે.

# ચાણસ્મા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી



પાટણ જિલ્લા સહિત ચાણસ્મા પંથકમાં પણ છેલ્લા બે થી ત્રણ દિવસ થી ભારે ઉકળાટના કારણે લોકો ગરમીમાં ત્રાહીમામ પોકારી ઊઠયા હતા ત્યારે આજ રોજ પંથક મા મેઘરાજા ની પધરામણી થતા લોકો તેમ જ ધરતીપુત્રો મા આનંદની લાગણી છવાઈ હતી

અત્યારે ચાલી રહેલી ચોમાસા ની ઋતુમાં ઠેર ઠેર વરસાદ વરસી રહ્યો છે ત્યારે ચાણસ્મા પંથક મા પણ છેલ્લા બે દિવસથી ભારે ઉકળાટ થી લોકો ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા હતા ત્યારે આજ રોજ સાંજના સુમારે મેઘરજા ની સવારી આવી પહોંચતા લોકો તેમજ ધરતીપુત્રો ખુશખુશાલ જોવા મળી રહ્યા હતા

રિપોર્ટર- નિખીલ જોષી
પાટણ બ્યુરો

# ચાણસ્મામા લારી પાથરણાવાળા એતો હદ કરી !! ફુટપાથ તો ઠીક પણ રસ્તો કબજે કર્યા



ચાણસ્મા શહેરની અંદર અત્યાર સુધીનો ઠેર ઠેર ફુટપાથો પર અડિંગો જમાવી લીધો હતો પણ હવે તો લારી ઓ વાળાએ જાહેર રસ્તાને પણ બાનમાં લેતા ટ્રાફિકની વિક્ટ સમસ્યા ઉભી થઈ છે

ચાણસ્મા શહેર એ વેપારી પીઠુ ગણાય છે ત્યારે રોજ સવાર પડતાની સાથે જ ગ્રામ્ય વિસ્તારના લોકો ખરીદી કરવા આવતા હોય છે ત્યારે ચાણસ્મા શહેરની અંદર બસ સ્ટેન્ડ પાસે તેમજ મુખ્ય બજારમાં લારી પાથરણા વાળ ફુટપાથ તેમજ જાહેર રસ્તાઓ પર પોતાનો અડિંગો જમાવીને બેસી જતા ટ્રાફિકની મોટી સમસ્યા ઉત્પન થાય છે. ત્યારે શુ આ જવાબદાર તંત્ર ને નહી દેખાતુ હોય?? અને જો દેખાતુ હોય તો કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી

રિપોર્ટર- નિખીલ જોષી
પાટણ બ્યુરો

# વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને ગુજરાત સરકાર દ્વારા સ્વદેશી ઉત્કૃષ્ટતાનું પ્રદર્શન




વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ પ્રોગ્રામ એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ૐ - ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રોત્સાહન માટેનો વિભાગ) હેઠળની એક પહેલ છે. આ પ્રોગ્રામે ગુજરાતની સ્વદેશી હસ્તકલા અને તેના કારીગરોને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્હીમાં ગુજરાત સરકાર સાથે તેનો પ્રથમ સહયોગ જાહેર કર્યો છે. ૐના સંયુક્ત સચિવ શ્રીમતી મનમીત નંદા તેમજ રેસિડેન્ટ કમિશનર અને ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ (આર્થિક બાબતો) શ્રીમતી આરતી કંવરે આજે સંયુક્ત રીતે ગરવી ગુજરાત ભવન ખાતે ૐ વૉલનું ઉદ્ઘાટન કર્યું.

ૐ પહેલનો ઉદ્દેશ્ય દેશના તમામ જિલ્લાઓમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપીને દેશ અને તેના લોકોને આત્મનિર્ભર બનાવવા માટેના ભારતના માનનીય વડાપ્રધાનના વિઝનને સાકાર કરવાનો છે. આ કાર્યક્રમ દરેક જિલ્લામાંથી એક અનન્ય ઉત્પાદન પસંદ કરે છે, તેને બ્રાન્ડ બનાવે છે અને તેનો પ્રચાર કરે છે, અને આ રીતે સમગ્ર દેશમાં વિવિધ શ્રેણીની પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરે છે, જેમાં હેન્ડલૂમ્સ અને હેન્ડીક્રાફ્ટ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.આ લક્ષ્યાંકને વધુ સારી રીતે સાકાર કરવા માટે ૐ ની ટીમ મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચવા માંગે છે અને તે માટે ૐની ટીમ આ દિશામાં કામ કરી રહેલી અન્ય સરકારી અને ખાનગી કંપનીઓ સાથે જોડાણ કરી રહી છે. ગુજરાત, તેના ૩૩ જિલ્લાઓ સાથે, રાજયભરમાં વિવિધ પ્રોડક્ટ્સ માટે વિશાળ ભૌગોલિક કવરેજ અને અપાર સંભાવનાઓ ધરાવે છે. ૐ-ગુજરાત ટીમ પાસે ૬૮ યુનિક પ્રોડક્ટ્સનું એક સમૃદ્ધ કલેક્શન છે, જેમાં ગામઠી બ્લોક પ્રિન્ટ અને માતાની પછેડી જેવી પરંપરાગત હસ્તકલાથી માંડીને મગફળી અને જીરું જેવા કૃષિ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

આ મહત્વપૂર્ણ સહયોગ દ્વારા ૐએ ગુજરાત સરકાર સાથે પ્રોડક્ટ ટેગિંગ અને સ્ટોરી કાર્ડ્સના અમલીકરણ માટે ભાગીદારી કરી છે, જે ગુજરાતની યુનિક પ્રોડક્ટ્સની ઓળખ અને પ્રચારમાં વધારો કરે છે. આ સહયોગનો હેતુ ગ્રાહકોને એમ્પોરિયા તરફ આકર્ષિત કરવાનો, વેચાણમાં વધારો કરવાનો અને ગુજરાતની પ્રોડક્ટ્સની દ્રષ્યતા વધારવાનો છે. ગરવી ગુજરાત ભવને ગુજરાતની હસ્તકલાને વધુ સારી રીતે પ્રદર્શિત કરવા માટે તેના આંતરિક ભાગમાં ૐ પ્રોડક્ટ્સને સંકલિત કર્યા છે.



ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ આજરોજ શ્રી કલેહર માતાજીના મંદિર, સેકટર-૫ ખાતે વૃક્ષારોપણ કર્યું. આ દરમિયાન મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો, આપણે સૌ સાથે મળીને પ્રદૂષણ અને ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાઓને નાથવા તેમજ પ્રકૃતિના જતન માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરીએ. આ અવસરે શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરશ્રી છાયાબેન ત્રિવેદી, વોર્ડ પ્રમુખશ્રી મેહુલભાઈ પટેલ, હોદેદારશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એક ડોલરનો વિનિમય દર ૧૦૦ રૂપિયા કે વધુ થશે ત્યારે કેવી અફડાતફડી - તડાફડી થશે ??

રાજુ રદીએ ધીરે રહીને પેન્ટના પાછલા ખિસ્સામાંથી નિવૃત સરકારી અધિકારી જેવું ચુંથાયેલું ,ચોળાયેલું ખવાયેલું, વગોવાયેલ પર્સ કાઢ્યું . પર્સમાંથી દસ રૂપિયાની કડકડતી નોટ કાઢી. બીજા હાથમાં મેગ્નીફાઈંગ ગ્લાસ રાખી તેને આંખ નજીક રાખી બારીકાઈથી નોટનો ખૂણેખૂણો ચેક કર્યો. ક્યાંય રૂપિયો તૂટેલો જણાય છે??નોટ વળેલી પણ ન હતી કે ફાટેલી પણ ન હતી. નોટને પાછી પર્સમાં મુકી. પર્સમાં પરચૂરણની ચેનવાળા ખાનામાંથી પાંચ રૂપિયાને સિક્કો કાઢ્યો. તેનું પણ બારીકાઈથી તલસ્પર્શી નિરીક્ષણ કર્યું. સિક્કો ઘસાયેલો હતો. સિક્કાની ચમક ઓછી થયેલ. પરંતુ-અપિતું-કિન્તુ સિક્કો કયાંયથી તૂટેલો જણાતો હતો.

આ છાપાવાળા મનઘડંત સમાચારો છાપી કાઢે છે તે પણ મોટા હેડીંગમાં.'' રૂપિયો વધુ તૂટ્યો!!''રાજુ રદી વધુ ખાતરી કરવા ત્યાંથી રિઝર્વ બેંકે પહોંચ્યો!!!

રિઝર્વ બેંકમાં જાસૂસ કરમચંદ કે વ્યોમેશ બેનરજીની જેમ ચારે બાજુ પોઝીશન સઇ દૂરબીનથી સાવચેતી અને સતર્કતાથી અપલક નજરે ચાંપતી નજરે જોઇ રહ્યા હતા. કેટલાક લોકો કોમ્પ્યુટર સ્ક્રીન પર આયાત-નિકાસની વેબસાઈટ પર વોચ કરી રહ્યા હતા. બધા હડબડાહટમાં હતા. બોદા અને બોઘા દેખાતા હતા.

બધાની ચિંતા ડોલર સામે પતાના મહેલની જેમ કડડભૂસ થતા રૂપિયા અંગે હતી. કાજુ રદીને થયું કે રિઝર્વ બેંક રૂપિયો બનાવવામાં અંબુજા સિમેન્ટ વાપરે તો રૂપિયો પીજાના ઢળતા મિનારા જેમ તૂટે ફૂટે નહી.!!!

અમેરિકન ડોલર સામે રૂપિયો ગગડીને ઐતિહાસિક ૮૦ રૂપિયાની નીચી સપાટીએ પહોંચી ગયો. એટલે બધા ધંધે લાગી ગયા. રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ પણ ઝડપી ૧૦૪ પૈસા ઉછળી રૂ.૯૫ની સપાટી વટાવી ગયા હતા. બ્રિટીશ પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૯૫.૬૫ થઈ ૯૫.૫૭ રહ્યા હતા. યુરોપની કરન્સી યુરોના ભાવ ૯૧ પૈસા ઉછળી ઉંચામાં ભાવ રૂ.૮૧.૧૫ થઈ રૂ.૧.૧૩ રહ્યા હતા. જાપાનની કરન્સી યેનના ભાવ પણ રૂપિયા સામે ૦.૫૨ ટકા ઉછળ્યા હતા જ્યારે ચીનની કરન્સીના ભાવ રૂપિયા સામે ૦.૪૨ ટકા પ્લસમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ૨૦૧૧માં એક ડોલર બરાબર ૪૮ રૂપિયા હતા,જે એક વરસમાં નવમા વધારા સાથે ૫૭ રૂપિયા થયેલ .૨૦૧૩મા્ ૬૨, ૨૦૧૪માં ૬૦ અને ઉતરોતર વધીને આજે ૮૦ ની ઐતિહાસિક સપાટીએ પહોંચેલ છે!! ૨૦૧૪ થી આઠ વરસમાં ૨૬ % ઘટયો છે.ચાલુ વર્ષે રૂપિયામાં ૬.૭ ટકા જેટલો ઘસારો જોવા મળ્યો છે.

વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાતાં તથા ઘરઆંગણે વિદેશી ફંડોનો આઉટફલો વધતાં રૂપિયા પર દબાણ વધ્યું હતું. વિદેશી ફંડમાં વેચવાલી નીકળી હોવાથી રૂપિયો ઐતિહાસિક સપાટીએ ગગડયો હતો. ડોલરના ભાવ ઉછળતાં ઘરઆંગણે આયાત થતી ક્રૂડતેલ સહિતની વિવિધ ચીજો મોંઘી બનશે અને ફુગાવો તથા મોંઘવારી વધુ વેગ પકડશે એવી ભીતિ નિષ્ણાતોએ વ્યક્ત કરી હતી. ડોલર વધી રૂ.૮૦ને આંબી જતાં હવે રિઝર્વ બેન્ક તથા સહકારી બેન્કો ઉછાળે ડોલર વેંચવા નીકળશે એવી શક્યતા પણ બજારમાં વ્યક્ત થઈ હતી. તાજેતરમાં ડોલરના ભાવ ઉંચા ગયા હતા ત્યારે રિઝર્વ બેન્ક તથા સરકારી બેન્કો એક્ટિવ જોવા મળી હતી.

ડોલર સામે રૂપિયાની આ ઐતિહાસિક ગિરાવટ માટે તેમણે ગ્લોબલ ફેક્ટર્સ

જવાબદાર છે. જેમાં યુક્રેન-રશિયા યુદ્ધ ઉપરાંત ક્રૂડના વૈશ્વિક ભાવમાં વધારો, વૈશ્વિક અર્થતંત્રમાં આવેલી સુસ્તી વિદેશી ફંડમાં નીકળેલી વેચવાલીને મુખ્ય કારણો ગણાવ્યા હતા. અમેરિકાની આકરી નીતિના કારણે રોકાણકારો ઉભરતા માર્કેટમાંથી રોકાણ પાછું ખેંચી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં ભારતના સ્ટોક માર્કેટમાંથી ૧૪ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચાઈ ચૂક્યું છે.

વિદેશી મુદ્રા ભંડાર કુલ જીડીપીમા ૨૦ ટકા છે.એટલે કે ૫૯૩ અબજ ડોલર છે.જો ટકા ઘટીને ૪૫૦ અબજ ડોલર થાય તો ધરતીકંપ જેવી પરિસ્થિતિ થશે તેવી આશંકા છે. જો કે, ડોલર સામે રૂપિયાના ઘટાડાની વકી સામે રૂપિયો ઓછો ઘસાયો છે તેવું નિષ્ણાંતો ગાઈ વગાડીને કહી રહ્યા છે!!! ૨૦૧૮થી ભારતીય બજારમાંથી દર માસે એક અબજ ડોલર નીકળી રહ્યા છે. જાન્યુઆરીથી પાંચ અબજ નીકળી રહ્યા છે!!

આ બધી ટેકનિકલ નિકલ જેવી બાબતો રાજુ રદીને પલે પડી નહીં.રાજુ રદીને ભવિષ્યમાં એક ડોલરનો વિનિમય દર ૧૦૦ રૂપિયા કે વધુ થશે ત્યારે કેવી અફડાતફડી - તડાફડી થશે તેની કલ્પના કરીને ફફડી જાય છે!!!

ભરત વૈષ્ણવ...૨૦.૭.૨૦૨૨.

# ગઝલ આસ્વાદ :૭

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગ્યો

છબતો નહીં જેનો ધરતી ઉપર, પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો

બાંધતી નહીં અંબોડલો બેની, ઈ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો

આંબલીપીંપળી ડાળ બોલાવે હે બેના એકવાર હામું જો
અરે ધૂમકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો

ડગલે ડગલે મારગ એને સો સો ગાઉનો થ્યો
ધારથી હેઠી ઉતરી બેની મારો સૂરજ ડૂબી ગ્યો

લૂંટાઈ ગ્યો મારો લાડ ખજાનો 'દાદ' હું જોતો રયો
જાન ગઈ જાણે જાન લઈ હું તો સૂનો માંડવડો

– કવિ દાદ

કવિ શ્રી દાદ નું પૂરું નામ દાદુદાન પ્રતાપદાન ગઢવી હતું. એમના પિતા પ્રતાપદાન ગઢવી જૂનાગઢની નવાબી હકુમતના રાજ કવિ હતા. કવી દાદ જૂનાગઢના રહેવાસી હતા. હાલમાં એમને પદ્મશ્રીનો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. કવિ દાદને 'પદ્મશ્રી' ઉપરાંત 'મેઘાણી સાહિત્ય એવોર્ડ', 'કવિ દુલા કાગ એવોર્ડ', 'હેમુ ગઢવી એવોર્ડ' વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ગુજરાતી સાહિત્યના એક વિદ્યાર્થીએ કવિ દાદ ઉપર ડૉક્ટરેટ પણ કર્યું છે. ૨૬મી એપ્રિલ ૨૦૨૧ ના દિવસે નિધન થયું છે. ફરી એક લોક સાહિત્યનો તારલો ખરી પડ્યો છે.

કવિએ ૧૪ થી ૧૫ વર્ષની ઉંમરે કવિતા લખવાનું શરુ કર્યું હતું. એમને પંદર જેટલી ફિલ્મોમાં ગીત લખેલા છે.૧૯૭૫માં બનેલી શેતલને કાંઠે ફિલ્મ માટે દીકરીની વિદાયનું ગીત 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો. આ હૃદયદ્રાવક ગીતનો આજ આપણે આસ્વાદ કરીશું. થોડી માહિતી લયસ્તરો માંથી લેવામાં આવી છે.

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગ્યો

એક પિતાને માટે કન્યાવિદાય એ ખૂબ કપરો સમય છે. જે કાળજાના ટુકડા જેવી દીકરીને નાનેથી મોટી કરી હોય તેને સાવ અજાણ્યા માણસના હાથમાં સોંપી દેતાં ક્યાં બાપનું હૃદય દ્રવી ના જાય ? એ કલેજાનો ટૂકડો કાઢીને બીજા પુરુષના હાથમાં સોંપી દે છે. જેના મોઢામાં સ્નેહના કોળીયા આપ્યા, જેને કેટલાં લાડ લડાવ્યાં, પાણી માંગે તો દૂધ હાજર કર્યુ. હથેળીના ફોલ્લાની જેમ જેને સાચવી એ દીકરીને બીજાને સોંપવા માટે કાળજાને કેવું કઠણ કરવું પડતું હશે. મમતા રૂવે જાણે ઝીણી બરછટ રેતીમાં પાણીનો વીરડો ફૂટી ગયો. પિતાની લાગણીની હંમેશા અવગણના કરવામાં આવે છે. પણ વજ્ર જેવો દેખાતો પુરુષ ખરેખર વજ્ર જેવો નથી હોતો એનાં હૃ્દયમાં પણ ભીની લાગણીઓ વહે છે જે રીતે કોઈ સ્ત્રીના હૃ્દયમાં પણ વહે છે.

છબતો નહીં જેનો ધરતી ઉપર, પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો

પિતાના ઘરમાં દીકરી હંમેશા ઉછળતી કૂદતી રહે છે. એને જે સ્વતંત્રતા બાપના ઘરમાં મળે છે તે કોઈ ભાગ્યશાળીને સાસરામાં મળે છે. જે ધરતી પર ઉછળતી કૂદતી ફરતી હતી એ દીકરી જ્યારે સાસરે જવા માટે પગ ઉપાડ્યા તો પગ ત્યાંજ થંભી ગયા. અને ડુંગરા જેવો ઉંબરો બેનીએ માંડ રે ઓળંગ્યો. બેનીને ખબર છે કે આ ઉંબરો ઓળંગ્યો તો આ ઘર એના માટે પરાયું થઈ જવાનું છે. એટલે પગ પણ ત્યાંજ થંભી જાય છે. એનામાં જે ચંચળતા હતી એ બધી ગાયબ થઈ ગઈ છે. ભારે પગે એ ઘરને વિદાય આપી રહી છે. કયાંક ગીત સંભળાઈ છે કે 'ચલ રી સજની અબ ક્યાં હોતે કઝરા ના બેહ જાયે રોતે રોતે'

બાંધતી નહીં અંબોડલો બેની, ઈ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો

જે દીકરી વાળ ઓળાવવા માટે કેટલી જીદ કરતી હતી. અંબોડો બાંધતી નહોતી એ ભલેને છૂટી ગયો. હવે તો બેની ઘુંઘટો કાઢીને બેઠી છે. કવિને દીકરીનો ચાંદ જેવો ચહેરો દેખાતો પણ નથી. કવિના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડે છે. કે રાહુ બનીને આ ઘૂંઘટો મારા ચાંદને ગળી ગયો.

આંબલીપીંપળી ડાળ બોલાવે હે બેના એકવાર હામું જો
અરે ધૂમકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો

જે ઘરમાં દીકરી જન્મી, જયાં મોટી થઈ જે ઝાડની આજુબાજુ રમી એ બધું છોડીને વિદાય થવું કેટલું અઘરું છે. દીકરીને જતા જોઈ આંબલીપીંપળી બોલાવે છે એકવાર સામું જો! પુરુષને આ લાગણી સમજાઈ એટલે આ પુરુષનું દિલ કેટલું કોમળ હશે! દીકરીની વિદાય એમને કેટલી વસમી લાગી હશે! જયાં જ્યા દીકરી રમતી, ધૂમકા દેતી એ ધરામાં ઈ આરો અનહર્યો. સ્ત્રીઓને મોટેભાગે આવી કુરબાની દેવી પડતી હોય છે. એ માબાપનું ઘર, એ ગલી, એ

**સપના વિજાપરા, અમેરીકા**

## આફત

મિત્રો કેટલા દિવસો થયા મળ્યાને ? ખબર નહી કેમ શું મુસિબત આવી ગઈ કે "મન માનસ અને માનવી"

બ્લોગ ખુલતો પણ ન હતો. લખવાની વાત તો બાજુ પર રહી. દિમાગ પર બરફની કોથળી મૂકી હતી. રોજ

વર્ડ પ્રેસ વાળાની સાથે 'ચેટ' ચાલતું હતું.

મારા યુવાન મિત્રને પણ બે વાર તકલિફ આપી. ખૂબ મહેનત કરી પણ નિરાશા સાંપડી. આખરે " લાઈવ

ચેટ' પર ખૂબ ધીરજવાળો માણસ મળ્યો. મારે કહેવું પડ્યું મને કમપ્યુટરમાં કોઈ જ્ઞાન નથી. તારે પા પા

પગલી પાડતી વ્યક્તિને શિખવવાનું છે. અંતે આજે સફળતા મળી.

કમપ્યુટરમાં ઝાડુ મારી આખું સાફ કર્યું અને સુતા પહેલાં તમારી પાસે હૈયા વરાળ કાઢી. ગુસ્સો આવતો

નથી પણ થાક લાગે એ સ્વભાવિક છે.

ચાલો ત્યારે 'શુભરાત્રી' કહી જરા આરામ કરીશ. થાક લાગ્યો છે. શારિરીક તેમજ માનસિક. ધીરજના ફળ

મીઠા છે. એનો અનુભવ થયો.

**પ્રવિણા, કડકીયા, અમેરીકા**

### ઇસ્કોન માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા દિવંગતોના પરિવારજનોની

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ એ અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મુલાકાત લઇ સંવેદના વ્યક્ત કરી

ગઈ કાલે રાત્રે ઈસ્કોન માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર દિવંગત આત્માઓ પ્રત્યે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ સંવેદના વ્યક્ત કરી છે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ આ દિવંગતોના સ્વજનોની આજે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મુલાકાત લઈને સાંત્વન પાઠવી હતી.

તેમણે આ ગોઝારી ઘટના પર દુઃખ વ્યક્ત કરીને માર્ગ અકસ્માત સાથે સંકળાયેલ લોકો સામે સત્વરે સખત કાર્યવાહી કરવામા આવશે તેમ પણ જણાવ્યું હતું.માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર તમામ લોકો પ્રત્યે સરકારે સંવેદનશીલતા દાખવી છે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા દિવંગતોના પરિવારજનોને આર્થિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ ઉમેર્યું હતું.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.